પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૧૯ | ૧ ફેબ્રુઆરી, ૨૦૨૩, બુધવાર; મહા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આસારામને આજીવન કેદ

## સુરતમાં ૨૦૧૩માં યૌન શોષણનો કેસ થયો હતો : ગાંધીનગર સેશન્સ કોર્ટ સજા સંભળાવી : ૫૦ હજારના વળતરનો આદેશ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર કોર્ટે સુરત યૌન શોષણ કેસમાં આસારામને આજીવન કેદની સજા આપી હતી. આ મામલે નામદાર કોર્ટ તમામ મુદાઓનું અવલોકન કર્યું હતું. આજે ગાંધીનગર સેશન્સ કોર્ટે આજે આ કેસમાં ચુકાદો આપતા આસારામને આજીવન કેદની સજા સંભળાવી હતી. આ ઉપરાંત પીડિતાને ૫૦ હજારની આર્થિક વળતર આપવા કોર્ટે સૂચન કર્યું હતું. વર્ષ ૨૦૧૩માં સપ્ટેમ્બર માસમાં આશારામ વિરુદ્ધ સુરત ખાતે યૌન શોષણનો કેસ થયો હતો. સુરત પોલીસે બનાવ જે વિસ્તારમાં બન્યો



ફાઈલ ફોટો

હતો તે પોલિસ સ્ટેશનમાં કેસ કર્યો ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. અમદાવાદના ચાંદખેડા પોલીસમાં કેસ ટ્રાન્સફર થયો હતો.

ગાંધીનગર સેશન્સ કોર્ટ આજે દુષ્કર્મ કેસમાં આસારામને આજીવન કેદની સજા સંભળાવી છે. આસારામ સામે દુષ્કર્મ મામલે ગઈકાલે ગાંધીનગર સેશન્સ કોર્ટ ચુકાદો આપ્યો હતો. ગઈકાલે ૨૦૧૩ના દુષ્કર્મ કેસમાં આસારામ દોષિત જાહેર કરવામાં આવ્યા હતા. આસારામ સિવાયના અન્ય આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યાં

● અનુસંધાન પાન-૭ પર

### અવંતીપોરામાં આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ

# લશ્કર-એ-તૈયબાના ૪ આતંકવાદીઓ ઝડપાયા

**હાફૂના જંગલમાં હાથ ધરવામાં આવ્યું હતું સર્ચ ઓપરેશન : સુરક્ષા એજન્સીઓનને આતંકવાદીઓના ઠેકાણા પરથી કેટલીક શંકાસ્પદ સામગ્રી પણ મળી આવી છે : આ મામલે આગળ તપાસ થઈ રહી છે**

જમ્મુ, તા.૩૧

જમ્મુ-કાશ્મીરના અવંતીપોરામાં સુરક્ષાબળોએ લશ્કર-એ-તૈયબાના આતંકી ઠેકાણાનો પર્દાફાશ કર્યો છે. અવંતીપોરાના હાફૂ નવીપોરા જંગલોની પાસેથી સુરક્ષા બળોએ લશ્કર સાથે સંકળાયેલા ચાર આતંકીઓની ધરપકડ કરી છે. સુરક્ષા એજન્સીઓનને આતંકીઓના ઠેકાણા પરથી કેટલીક શંકાસ્પદ સામગ્રી પણ મળી આવી છે. આ મામલે આગળ તપાસ થઈ રહી છે. કાશ્મીર ઝોન પોલીસે ટ્વિટ કરીને આ વાતની માહિતી આપી છે. એક ખાસ સૂચના પર પોલીસે સેના અને સીઆરપીએફની સાથે હાફૂ નગીનપુરાના જંગલોમાં એક ઘેરાબંધી કરી હતી અને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. સર્ચ ઓપરેશન દરમિયાન આતંકીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવી રહેલાં ઠેકાણાનો પર્દાફાશ થયો હતો અને બાદમાં તેને નષ્ટ કરવામાં આવ્યો હતો.



પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, ઠેકાણા પરથી કેટલીક શંકાસ્પદ સામગ્રી, હથિયારો અને અન્ય ચીજવસ્તુઓ કબજે કરવામાં આવી છે. આ સંબંધે ત્રાલ પોલીસ સ્ટેશનમાં કાયદાકીય

● અનુસંધાન પાન-૭ પર

# દેશનો વિકાસ દર ૬.૬થી ૮ ટકા રહેવાનું અનુમાન



**કેન્દ્રીય નાણાંમંત્રીએ આર્થિક સર્વે રજૂ કર્યો : નાણાંકિય વર્ષ ૨૦૨૪માં રિયલ જીડીપી ગ્રોથ ૬.૫ ટકા રહેવાનું અનુમાન, નોમિનલ જીડીપી ગ્રોથ ૧૧ ટકા રહેવાની સંભાવનાઓ**

નવી દિલ્હી, તા.૩૧

સંસદમાં આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અભિભાષણ આપ્યું હતું. ત્યાર બાદ કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારમણે આર્થિક સર્વે રજુ કર્યો હતો. ૨૦૨૩-૨૪માં દેશનો વિકાસ દર ૬.૬ ટકાથી આઠ ટકા સુધી રહેવાનું અનુમાન છે. નાણાંકિય વર્ષ ૨૦૨૪માં રિયલ જીડીપી ગ્રોથ ૬.૫ ટકા રહેવાનું અનુમાન છે. નોમિનલ જીડીપી ગ્રોથ ૧૧ ટકા રહેવાની સંભાવનાઓ છે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે અને બીજો તબક્કો ૧૩ માર્ચથી શરૂ થઈને ૬ એપ્રિલ સુધી ચાલશે. બજેટ સત્ર દરમિયાન ૨૭ બેઠકો થશે. આર્થિક સર્વેક્ષણ પ્રમાણે દેશની આર્થિક વ્યવસ્થા ચાલુ નાણાકિય વર્ષના ૭ ટકાની

● અનુસંધાન પાન-૭ પર

# હિમવર્ષાને લીધે ઘાટીમાં નેશનલ હાઈવે બંધ કરાયો

**કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષા : જમ્મુ-કાશ્મીરના ૧૦ જિલ્લા અને હિમાચલના કેટલાક વિસ્તારોમાં હિમસ્ખલનનું એલર્ટ આપવામાં આવ્યુ**



નવી દિલ્હી, તા.૩૧

કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાને કારણે દેશના ઘણા ભાગોમાં ઠંડીનો કહેર ચાલુ છે. સતત હિમવર્ષાને કારણે માર્ગ અને હવાઈ પરિવહન પ્રભાવિત થયું હતું જેના કારણે સોમવારે કાશ્મીર ઘાટીમાં નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો.

આ સાથે જ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ સિવાય રાજયોના ઘણા હાઈવે અને રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા અને ઘણા વિસ્તારોમાં વીજળી પણ નથી.

જમ્મુ-કાશ્મીરના ૧૦ જિલ્લા અને હિમાચલના કેટલાક વિસ્તારોમાં હિમસ્ખલનનું એલર્ટ આપવામાં આવ્યુ છે.

હિમાચલમાં અટલ ટનલના દક્ષિણ પોર્ટલ પર ૯૦ સેમી તાજી હિમવર્ષા થઈ જે રાજ્યમાં સૌથી વધુ છે. ત્યારબાદ સોલાંગ ઘાટીમાં ૭૦ સેમીથી વધુ હિમવર્ષા થઈ હતી.

કાશ્મીરના ગુલમર્ગમાં ૩૦.૫ સેમી, પહેલગામમાં ૨૨.૧ સેમી, કાઝીગુંડમાં ૧૩ સેમી અને શ્રીનગરમાં ૧૨.૫ સેમી બરફ પડ્યો હતો.

જમ્મુ-કાશ્મીરના ડિઝાસ્ટર મેનેજમેન્ટ તરફથી પ્રાપ્ત માહિતી પ્રમાણે ડોડા, કિશ્તવાડ અને પૂંચ જિલ્લામાં જોખમનું ઉચ્ચ સ્તર છે જ્યાં હિમસ્ખલનની ચેતવણી આપવામાં આવી છે.

# દેશમાં ડીકાર્બનાઈઝેશન માટે રાષ્ટ્રીય ગ્રીન હાઈડ્રોજન મિશનને મંજૂરીની મહોર

**આ મિશન અંતર્ગત વર્ષ ૨૦૩૦ સુધીમાં ગ્રીન હાઇડ્રોજનની ડિમાન્ડ જનરેશન, યુઝ અને એક્સપોર્ટની સુવિધા આપવામાં આવશે અને ૮ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ પણ લાવવામાં આવશે**

નવી દિલ્હી, તા.૩૧

મંગળવારે સંસદમાં રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેક્ષણ ૨૦૨૨-૨૩માં કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક સ્તરે કોમોડિટીના વધતા ભાવને કારણે ચાલુ ખાતાની ખાધ વધુ વધી શકે છે. માટે તેના પર ચાંપતી નજર રાખવાની જરૂર છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આંકડા મુજબ સપ્ટેમ્બર ૨૦૨૨ ક્વાર્ટરમાં દેશની ચાલુ ખાતાની ખાધ વધીને જીડીપીના ૪.૪ ટકા થઈ ગઈ છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં તે જીડીપીના ૨.૨ ટકા હતો.

૨૦૨૨-૨૩ માટેના આર્થિક સર્વેક્ષણમાં જણાવાયું છે કે, રિકવરીને વેગ આપવામાં આવ્યો છે, જે મોટાભાગે સ્થાનિક માંગમાં વધારો અને મોટા પ્રમાણમાં નિકાસ દ્વારા સંચાલિત છે, જે ચાલુ ખાતાના સંતુલનના જોખમોમાં વધારો કરે છે. આવી સ્થિતિમાં ચાલુ નાણાકીય વર્ષનો વૃદ્ધિદર આગામી વર્ષ સુધી જઈ શકે તેમ હોવાથી ચાલુ ખાતાની ખાધ પર ચાંપતી નજર રાખવાની જરૂર છે. સર્વેમાં

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વમાં ભારતની અર્થવ્યવસ્થા ત્રિમાસિક ગાળામાં સૌથી ઝડપથી વિકસતી હોઈ શકે

નવી દિલ્હી, તા.૩૧

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા આજે વિશ્વની અર્થવ્યવસ્થા અને ભારતીય અર્થવ્યવસ્થાને લઈને મહત્વનું નિવેદન આપ્યું છે. વિશ્વ અર્થવ્યવસ્થાના સંદર્ભમાં, આઈએમએફએ કહ્યું છે કે, વર્ષ ૨૦૨૩માં વૈશ્વિક વૃદ્ધિમાં પાછળના વર્ષ કરતા ઘટાડો નોંધવાની સંભાવના છે. આઈએમએફ અનુસાર, વર્ષ ૨૦૨૩માં વિશ્વની અર્થવ્યવસ્થા ૨.૯ ટકાના દરે વૃદ્ધિ કરી શકે છે. વર્ષ ૨૦૨૨ માં, તેનો અંદાજ ૩.૪ ટકા હતો. બીજી તરફ, વર્ષ ૨૦૨૪ વિશે એક સારો અંદાજ લગાવાઈ રહ્યો છે કે, વિશ્વની અર્થવ્યવસ્થામાં ફરી એકવાર તેજી જોવા મળી શકે છે અને તે ૩.૧ ટકાના દરે વૃદ્ધિ કરી શકે છે.

જો ભારતની અર્થવ્યવસ્થાની વાત કરીએ તો આ ત્રિમાસિક ગાળામાં ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા હોઈ શકે છે. ભારતની અર્થવ્યવસ્થા વર્તમાન ક્વાર્ટરમાં ૬.૮ ટકાના દરે વધી રહી છે, જે આગામી નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં ૬.૧ ટકા રહેવાની શક્યતા છે.

આઈએમએફના રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪માં એશિયામાં ૫.૩ ટકા અને ૫.૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ શકે છે. એવું પણ કહેવાય રહ્યું છે કે, એશિયાનો વિકાસ ચીનના વિકાસ પર નિર્ભર રહી શકે છે. ૨૦૨૨ માં, ચીનમાં ઝીરો કોવિડ નીતિને કારણે, જીડીપીમાં ભારે ઘટાડો નોંધાયો હતો અને તે ૪.૩ ટકા પર પહોંચ્યો હતો. ચીનમાં, જાન્યુઆરી અને માર્ચ વચ્ચે જીડીપીમાં ઘટાડો નોંધાઈ શકે છે અને તે ૩.૦ ટકા સુધી પહોંચી શકે છે. આ પ્રથમ વખત છે કે છેલ્લા ૪૦ વર્ષમાં ચીનનો જીડીપી વિશ્વ અર્થવ્યવસ્થાના વિકાસ કરતાં ઓછો નોંધાયો છે. ચીનની અર્થવ્યવસ્થા વર્ષ ૨૦૨૩માં ૫.૨ ટકાના દરે વૃદ્ધિ કરી શકે છે.

## આંદામાનમાં ભૂકંપના આંચકા

આંદામાન, તા.૩૧

અંદામાનના સમુદ્રમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ગઈકાલે મોડી રાત્રે ૩.૪૫ વાગ્યે અંદામાનમાં ૪.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું કે ભૂકંપની ઊંડાઈ જમીનથી ૭૭ કિમી નીચે હતી.




# કેજરીવાલને જાનથી મારવાની ધમકી આપનારો મનોરોગી નિકળ્યો

**આરોપી માનસિક રીતે બીમાર હોવાનું બહાર આવ્યું છે અને તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, આ કારણે પોલીસે તેની ધરપકડ નથી કરી**

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પીસીઆરમાં આવેલા કોલ પર જાનથી મારી નાખવાની ધમકી મળતાં દિલ્હી પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસ તરત જ એક્શનમાં આવી ગઈ હતી અને આરોપી સુધી પહોંચી ગઈ હતી. જોકે, તે આરોપી માનસિક રીતે બીમાર હોવાનું બહાર આવ્યું છે અને તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ કારણે પોલીસે તેની ધરપકડ નથી કરી.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, સોમવારે મધરાત બાદ દિલ્હીના મુખ્યમંત્રીને આ ધમકી આપવામાં આવી હતી. પીસીઆરને ૧૨:૦૫ વાગ્યે કોલ આવ્યો હતો. ફોન કરનારે કહ્યું કે, તે અરવિંદ કેજરીવાલને મારી નાખશે.

